
THE INSTITUTE OF CHARTERED ACCOUNTANTS OF INDIA
(Set up by an Act of Parliament)
CA INDIA
Ministry of Electronics and Information Technology
Ministry of External Affairs
Ministry of Commerce and Industry
GLOBAL CAPABILITY CENTRES
GCC SUMMIT 2025
THEMATIC ISSUES
Data Privacy
Accounting & Compliance
Funding Arrangements
AI & Cyber Security
ESG & Sustainability
Talent Development
Taxation
Join us in championing India's rise as a global GCC hub and
Empowering Chartered Accountants for Leadership on the World Stage
FROM LEDGERS TO GLOBAL LEADERSHIP
Chartered Accountants Shaping GCCs
ICAI Torchbearers
CA. Charanjot Singh Nanda
President, ICAI
CA. Prasanna Kumar D
Vice-President ICAI
Keynote Speakers
Shri Kalyanaraman Rajaraman (IAS)
Shri Sanjay Kaul (IAS)
Ms. Panugumatla Bharathi (IAS)
Mr. Jaxay Shah
AI
29 & 30th
AUGUST
2025
Gift City Club,
Gujarat
ECOSYSTEM PARTNERS
IFSCA
SEPC
INVEST INDIA
MEDIA PARTNER
The Economic Times
Gold Sponsor
WeHire
Organised by Group to
Promote India as Accounting GCC
(under DITS & WTO Directorate) ICAI
GCC SUMMIT SERIES
AHMEDABAD
HYDERABAD
MUMBAI
Follow us on:
Excellence.Independence.Integrity
www.gcc.icai.org | gcc@icai.in

શનિવાર, તા.૩૦ ઓગસ્ટ, ૨૦૨૫

## હાલ ઈન્ટર અને ફાઈનલ કોર્સ માટે અપાય છે

# CAમાં હવે ફાઉન્ડેશન કોર્સ માટે વિદ્યાર્થીઓને સ્કોલરશિપ અપાશે

અમદાવાદ,શુક્રવાર

આઈસીએઆઈ દ્વારા ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ(જીસીસી) સમિટની બીજી એડિશનનો આજે ગાંધીનગરમાં ગિફ્ટ સીટ ખાતે પ્રારંભ થયો હતો.આ પ્રસંગે ઉપસ્થિત રહેલા આઈસીએઆઈના પ્રેસિડેન્ટ ચરણજોત સિંહ નંદાએ કહ્યુ હતું કે આઈસીએઆઈ દ્વારા સ્ટુડન્ટ સ્કોલરશિપ ફંડ ૧૦૦ કરોડથી વધારીને ૫૦૦ કરોડ રૂપિયા કરવામા આવ્યુ છે અને હવે આગામી ઓક્ટો.-નવેમ્બરથી ફાઉન્ડેશન કોર્સમાં પણ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ અપાશે.

## દરેક સેન્ટરમાં ઈ-કલાસરૂમ થશે અને સ્કોલરશિપ ફંડ વધારી ૫૦૦ કરોડ કરાયું : ICAI પ્રેસિડેન્ટ

ધો.૧૨ કોમર્સ બાદ દેશભરમાં હજારો વિદ્યાર્થીઓ બી.કોમ કરવા સાથે સીએ પ્રોગ્રામમાં પણ પ્રવેશ લેતા હોય છે.સીએ બનવા માંગતા વિદ્યાર્થીઓએ સૌપ્રથમ ફાઉન્ડેશન કોર્સની પરીક્ષા પાસ કરવી પડે છે અને ત્યારબાદ ઈન્ટરમીડિએટ અને ત્યારબાદ ફાઈનલ પરીક્ષા પાસ કરવી પડે છે.આઈસીએઆઈ (ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા) દ્વારા હાલ ઈન્ટરમીડિએટ અને ફાઈનલ પ્રોગ્રામમાં વિદ્યાર્થીને જુદા જુદા માપદંડો પ્રમાણે સ્કોલરશિપ આપવામા આવે છે.પરંતુ હવે વિદ્યાર્થીઓને ફાઉન્ડેશન લેવલથી જ સ્કોલરશિપ મળશે. આઈસીએઆઈના પ્રેસિડેન્ટ ચરણજોત સિંહ નંદાએ જણાવ્યુ હતું કે ૨૦૪૭સુધીમાં દેશમાં ૩૦ લાખ સીએ પ્રોફેશનલ્સની જરૂર પડશે એન દિવસેને દિવસે સીએની ડિમાન્ડ વધી રહી છે ત્યારે વધુને વધુ વિદ્યાર્થીઓ સીએ કોર્સ કરે તે માટે ઈન્સ્ટિટ્યુટ દ્વારા સ્કોલરશિપ પણ વધારવામા આવી છે.

આઈસીએઆઈ પ્રેસિડેન્ટે કહ્યુ કે ઈન્સ્ટિટ્યુટ દ્વારા સીએ સ્કોલરશિપ ફંડ ૧૦૦કરોડથી વધારીને ૫૦૦ કરોડ રૂપિયા કરવામા આવ્યુ છે.હાલ ઈન્સ્ટિટ્યુટ દ્વારા ઈન્ટરમીડિએટ અને ફાઈનલમાં વિદ્યાર્થીઓને સ્કોલરશિપ અપાય છે.પરંતુ હવે ફાઉન્ડેશન કોર્સ માટે પણ સ્કોલરશિપ અપાશે.જેમાં વાલીની વાર્ષિક પાંચ લાખ સુધીની આવક હશે તો વિદ્યાર્થીને માસિક ૧૫૦૦ રૂપિયા સ્કોલરશિપ આપવામા આવશે. ચાર મહિના સુધી સ્કોલરશિપ અપાશે એટલે કે કુલ છ હજાર રૂપિયા સ્કોલરશિપ મળશે.ફાઉન્ડેશન કોર્સ માટે રજિસ્ટ્રેશન ફી ૯ હજારરૂપિયા છે ત્યારે વિદ્યાર્થીને અડધાથી વધુ ફી સ્કોલરશિપમાંથી મળી જશે.

SANDESH 07

SATURDAY, 30•08•2025

# ૨૦૪૭ સુધીમાં ૩૦ લાખ CAની જરૂર : ICAI

અમદાવાદ । ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI)ની ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCC) સમિટ ૨૦૨૫ ની બીજી આવૃત્તિનો શુક્રવારથી GIFT સિટીમાં આરંભ થયો હતો. આ સમિટમાં ઉપસ્થિત ICAIના પ્રમુખ સીએ ચરણજોત સિંહ નંદાએ જણાવ્યું હતું કે, દેશમાં વર્ષ-૨૦૪૭ સુધીમાં ૩૦ લાખ CAની જરૂર પડશે. આજે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ બ્રિટન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને ન્યૂઝીલેન્ડ જેવા દેશોમાંથી આઉટસોર્સિંગ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, GCC સમિટ, ૨૦૨૫ની બીજી આવૃત્તિનો ઉદ્દેશ નાણાકીય નવીનતા અને વ્યવસાયિક સેવાઓ માટે વૈશ્વિક મહાસત્તા તરીકે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવવાનો છે. નાણાંકીય અને આર્થિક વ્યવહારો સંબંધી નીતનવી શોધ થઈ રહી છે, સાથે જ ભેજાંબાજ વેપારીઓ વેરાચોરીની પણ નવી રસમો શોધી રહ્યા છે તે સંજોગોમાં સીએની સ્વાભાવિક જ વધુ જરૂર પડશે.

# 2nd edition of GCC summit series to begin tomorrow

The Institute of Chartered Accountants of India (ICAI) has announced the 2nd edition of the GCC Summit Series, scheduled to be held on August 29-30 at the GIFT City Club. Themed "From Ledgers to Global Leadership—Chartered Accountants Shaping GCCs", the summit will bring together policymakers, industry leaders, global investors and domain experts to explore India's strategic role in the Global Capability Centres (GCC) ecosystem and the evolving leadership of Chartered Accountants in this space.

The GCC Summit Series is part of ICAI's ongoing initiative to highlight the critical and evolving role of Indian Chartered Accountants in the global services. India is currently home to over 1,900 GCCs employing more than 1.9 million professionals. The upcoming summit will feature a series of panel discussions, keynote addresses and networking sessions. **AM**

# ICAIની GCC સમિટ સિરીઝની બીજી આવૃત્તિ ગિફ્ટ સિટીમાં પૂર્ણ થઈ

## ૧૮ રાજ્યોના ૪૦૦થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો

અમદાવાદ, તા. ૩૧

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI)ની ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCC) સમિટ ૨૦૨૫ની બીજી આવૃત્તિનો GIFT સિટીમાં પૂર્ણ થઈ હતી. દેશના ૧૮ રાજ્યોમાંથી ૪૦૦ થી વધુ પ્રતિનિધિઓ GCC સમિટ ૨૦૨૫ ની બીજી આવૃત્તિમાં ભાગ લઈ રહ્યા છે. આ સમીટ તા. ૨૯ અને ૩૦ ઓગસ્ટ, ૨૦૨૫ના ચાલી હતી. GCC સમિટ ૨૦૨૫ ની થીમ "લીડરશીપ ટુ ગ્લોબલ લીડરશીપ - ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ શેપિંગ GCCs" છે. GCC સમિટમાં નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ, વૈશ્વિક રોકાણકારો અને ક્ષેત્રના નિષ્ણાતોને આ પરિવર્તનશીલ યાત્રામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની ઉભરતી નેતૃત્વ ભૂમિકા અને ઈકોસિસ્ટમમાં ભારતના વ્યૂહાત્મક ફાયદાઓનું અન્વેષણ કરવા માટે એકસાથે લાવવામાં આવ્યા હતા. ગાંધીનગરમાં શરૂ થયેલી સમિટની બીજી આવૃત્તિનો હેતુ ફાઈનાન્સ, નવીનતા અને વ્યાવસાયિક સેવાઓમાં વૈશ્વિક પાવરહાઉસ તરીકે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવવાનો છે. આ પ્રસંગે ICAI ના પ્રમુખ સીએ ચરણજોત સિંહ નંદાએ જણાવ્યું હતું કે GCC સમિટ, ૨૦૨૫ ની બીજી આવૃત્તિનો ઉદ્દેશ્ય નાણાકીય નવીનતા અને વ્યવસાયિક સેવાઓ માટે વૈશ્વિક મહાસત્તા તરીકે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવવાનો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં ૩૦ લાખ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની જરૂર પડશે. આજે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ બ્રિટન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને ન્યુઝીલેન્ડ જેવા દેશોમાંથી આઉટસોર્સિંગ કરી રહ્યા છે.



# ICAI ની GCC સમિટ સિરીઝની બીજી આવૃત્તિનો ગિફ્ટ સિટીમાં આરંભ







અમદાવાદ

ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI)ની ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCC) સમિટ ૨૦૨૫ ની બીજી આવૃત્તિનો આજે GIFT સિટીમાં આરંભ થયો હતો. દેશના ૧૮ રાજ્યોમાંથી ૪૦૦ થી વધુ પ્રતિનિધિઓ GCC સમિટ ૨૦૨૫ ની બીજી આવૃતિમાં ભાગ લઈ રહ્યા છે. આ સમીટ તા. ૨૯ અને ૩૦ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ચાલશે.

GCC સમિટ ૨૦૨૫ ની થીમ 'લીડરશીપ ટુ ગ્લોબલ લીડરશીપ - ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ શેપિંગ GCCs છે. GCC સમિટમાં નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ, વૈશ્વિક રોકાણકારો અને ક્ષેત્રના નિષ્ણાતોને આ પરિવર્તનશીલ યાત્રામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની ઉભરતી નેતૃત્વ ભૂમિકા અને ઇકોસિસ્ટમમાં ભારતના વ્યૂહાત્મક ફાયદાઓનું અન્વેષણ કરવા માટે એકસાથે લાવવામાં આવ્યા હતા. ગાંધીનગરમાં શરૂ થયેલી સમિટની બીજી આવૃત્તિનો હેતુ ફાઇનાન્સ, નવીનતા અને વ્યાવસાયિક સેવાઓમાં વૈશ્વિક પાવરહાઉસ તરીકે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવવાનો છે.

આ પ્રસંગે ICAI ના પ્રમુખ સીએ ચરણજોત સિંહ નંદાએ જણાવ્યું હતું કે GCC સમિટ, ૨૦૨૫ ની બીજી આવૃત્તિનો ઉદ્દેશ્ય નાણાકીય નવીનતા અને વ્યવસાયિક સેવાઓ માટે વૈશ્વિક મહાસત્તા તરીકે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવવાનો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં ૩૦ લાખ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની જરૂર પડશે. આજે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ બ્રિટન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને ન્યૂઝીલેન્ડ જેવા દેશોમાંથી આઉટસોર્સિંગ કરી રહ્યા છે.

ગિફ્ટ સિટી ખાતે શરૂ થયેલી જીસીસી સમિટ ૨૦૨૫ ની બીજી આવૃત્તિનું ઉદ્ઘાટન વિવિધ મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં IFSC ઓથોરિટીના ચેરમેન સીએ કે રાજારામન, ગિફ્ટ સિટીના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્રુપ સીઈઓ શ્રી સંજય કૌલ, ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ શ્રીમતી પી

## ૧૮ રાજ્યોના ૪૦૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો

ભારતી, આઈએએસ, ICAIના પૂર્વ પ્રેસિડેન્ટ સીએ સુનિલ એચ તલાટી અને સીએ અનિકેત એસ તલાટી, IFSCA ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. દીપેશ શાહ, GIFT સિટીના IFSC અને સ્ટ્રેટેજી વિભાગના વડા શ્રી સંદીપ શાહ, iહબ ગુજરાતના CEO શ્રી હિરણ્યમ મહંતા, નિકાસ પ્રમોશન કાઉન્સિલના ડિરેક્ટર જનરલ ડૉ. અભય સિંહા વગેરેનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે સમિટ કન્વીનર સીએ સંજીવ સાંઘી, આઈસીએઆઈના સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર સીએ પુરુષોત્તમ ખંડેલવાલ, અમદાવાદ બ્રાન્ચ ચેરમેન સીએ નીરવ અગ્રવાલ સહિત અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા.

GCC સમિટ સિરીઝ એ આઈસીએઆઈની એક સીમાચિહ્નરૂપ પહેલ છે જે વૈશ્વિક સેવા ક્ષેત્રમાં ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની મહત્વપૂર્ણ અને વધતી જતી ભૂમિકાને ઉજાગર કરે છે. ભારતમાં કાર્યરત ૧,૭૦૦ થી વધુ જીસીસી અને ૧.૯ મિલિયનથી વધુ વ્યાવસાયિકોને રોજગારી આપતા, ભારતે વૈશ્વિક વ્યવસાય અને નાણાકીય કામગીરી માટે એક પસંદગીના સ્થળ તરીકે પોતાને મજબૂત રીતે સ્થાપિત કર્યું છે.

અમદાવાદ સમિટમાં વિચાર-પ્રેરક પેનલ ચર્ચાઓ, મુખ્ય ભાષણો અને ઉચ્ચ-પ્રભાવિત નેટવર્કિંગ સત્રો યોજાશે, જેમાં ડિજિટલ પરિવર્તન, વ્યૂહાત્મક ભાગીદારી, શાસન, પાલન અને વૈશ્વિક ડિલિવરી મોડેલોમાં નાણાકીય વ્યાવસાયિકોના વધતા પ્રભાવ જેવા વિષયો આવરી લેવામાં આવશે.

GCC સમિટ શ્રેણીને ઇકો પાર્ટનર્સ તરીકે અનેક સરકારી અને સંસ્થાકીય સંસ્થાઓ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે, જેમાં વિદેશ મંત્રાલય (MEA), ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય (MeitY), વાણિજ્ય વિભાગ (DoC), IFSCA, ગિફ્ટ સિટી, i-Hub, SEPC, ઇન્વેસ્ટ ઇન્ડિયા, NSDC, NSFU, RRU, IIM સંબલપુરનો સમાવેશ થાય છે.

માનવમિત્ર

શનિવાર, 30 AUG 2025



# ICAIની GCC સમિટ સિરીઝની બીજી આવૃત્તિનો ગિફ્ટ સિટીમાં આરંભ

## ૧૮ રાજ્યોના ૪૦૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો

અમદાવાદ

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI)ની ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (GCC) સમિટ ૨૦૨૫ ની બીજી આવૃત્તિનો આજે GIFT સિટીમાં આરંભ થયો હતો. દેશના ૧૮ રાજ્યોમાંથી ૪૦૦ થી વધુ પ્રતિનિધિઓ સ્ઝઝ સમિટ ૨૦૨૫ ની બીજી આવૃત્તિમાં ભાગ લઈ રહ્યા છે. આ સમીટ તા. ૨૯ અને ૩૦ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ચાલશે. GCC સમિટ ૨૦૨૫ ની થીમ ×લીડરશીપ ટુ ગ્લોબલ લીડરશીપ - ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ શેપિંગ સ્ઝઝજ× છે. GCC સમિટમાં નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ, વૈશ્વિક રોકાણકારો અને ક્ષેત્રના નિષ્ણાતોને આ પરિવર્તનશીલ યાત્રામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની ઉભરતી નેતૃત્વ ભૂમિકા અને ઈકોસિસ્ટમમાં ભારતના વ્યૂહાત્મક ફાયદાઓનું અન્વેષણ કરવા માટે એકસાથે લાવવામાં આવ્યા હતા. ગાંધીનગરમાં શરૂ થયેલી સમિટની બીજી આવૃત્તિનો હેતુ ફાઈનાન્સ, નવીનતા અને વ્યાવસાયિક સેવાઓમાં વૈશ્વિક પાવરહાઉસ તરીકે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવવાનો છે. આ પ્રસંગે ICAI ના પ્રમુખ સીએ ચરણજોત સિંહ નંદાએ જણાવ્યું હતું કે સ્ઝઝ સમિટ, ૨૦૨૫ ની બીજી આવૃત્તિનો ઉદ્દેશ્ય નાણાકીય નવીનતા અને વ્યવસાયિક સેવાઓ માટે વૈશ્વિક મહાસત્તા તરીકે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવવાનો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં ૩૦ લાખ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની જરૂર પડશે. આજે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ બ્રિટન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને ન્યુઝીલેન્ડ જેવા દેશોમાંથી આઉટસોર્સિંગ કરી રહ્યા છે. આ પ્રસંગે સમિટ કન્વીનર સીએ સંજીવ સાંધી, આઈસીએઆઈના સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર સીએ પુરુષોત્તમ ખંડેલવાલ, અમદાવાદ બ્રાન્ચ ચેરમેન સીએ નીરવ અગ્રવાલ સહિત અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા.

સંદેશ

THURSDAY 28.08.2025

# ICAI દ્વારા અમદાવાદમાં જીસીસી સમિટ સિરીઝની બીજી ફ્લેગશિપ ઈવેન્ટ ૨૯-૩૦ ઓગસ્ટે યોજાશે

**સિટી લાઈફ ।** ભારત સરકારના કોર્પોરેટ કાર્ય મંત્રાલયના અધિનિયમ હેઠળ કાર્યરત એકાઉન્ટિંગ સંસ્થા ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા (ICAI) દ્વારા તેની જીસીસી સમિટ સિરિઝ (GCC Summit Series) -ની બીજી ફ્લેગશિપ ૨૯-૩૦ ઑગસ્ટ દરમિયાન ગિફ્ટ સિટી ક્લબ ખાતે યોજાશે. આ વર્ષની થીમ 'લેજર્સથી ગ્લોબલ લીડરશિપ સુધી - જીસીસીમાં માર્ગદર્શક તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ' છે, જેમાં નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ નેતાઓ, વૈશ્વિક રોકાણકારો અને નિષ્ણાતો ભેગા થઈને ભારતના Global Capability Centres (GCC) ઈકોસિસ્ટમમાં વ્યૂહાત્મક લાભ અને તેમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની વિકસતી નેતૃત્વ ભૂમિકાની ચર્ચા કરશે. આ પહેલા જૂન મહિનામાં આયોજીત પહેલી ફ્લેગશિપમાં ૧૦૦૦થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.